# મુખ્યમાર્ગો આસપાસ કરેણ અને બોગનવેલના ફૂલો ખીલશે

## વનવિભાગે ૨૮૩ દબાણો દૂર કર્યા : સફાઈ માટે ૭ ટીમો કામે લગાવી : રોપાઓનું વાવેતર શરૂ



ગાંધીનગર, તા. ૧૦

આગામી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી શહેરને સ્વચ્છ અને દબાણમુક્ત બનાવવા અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જેના પગલે વન વિભાગ દ્વારા પણ મુખ્ય માર્ગોની આસપાસ સ્થિત વિભાગની આરક્ષિત જગ્યામાંથી ૨૮૩ દબાણો દૂર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત સફાઈ કામગીરી માટે પણ ૭ ટીમો કામે લગાડવામાં આવી છે. માર્ગ આસપાસની આવી જગ્યામાં બોગનવેલ અને કરેણના રોપાઓનું પણ વાવેતર કરવામાં આવી રહ્યું છે.

વાઈબ્રન્ટ સમિટને લઈ નગરને નવા રૂપરંગ આપવા સરકારી વિભાગો યુદ્ધના ધોરણે કામે લાગી ગયા છે. માર્ગ-મકાન વિભાગ ઉપરાંત વન તંત્ર પણ હવે દબાણ અને સફાઈના મામલે હરકતમાં આવ્યું છે. વનતંત્ર દ્વારા શહેરના મુખ્ય માર્ગો આસપાસ આરક્ષિત ફેન્સીંગવાળી જગ્યામાંથી અત્યાર સુધી ૨૮૩ જેટલા દબાણો દૂર કરી દેવાયા છે. નગરના મુખ્ય માર્ગો આસપાસ અસ્તિત્વમાં આવેલા લારી-ગલ્લા તેમજ ઝુંડપાના દબાણો દૂર કરવા વન વિભાગની ટીમે ઝુંબેશ હાથ ધરી હતી. જો કે હજુ પણ કેટલાક ઠેકાણે દબાણોનો અડીંગો જોવા મળી રહ્યો છે. બીજી તરફ વન વિભાગ આરક્ષિત જગ્યામાં પણ સફાઈ કામગીરી શરૂ કરી દેવાઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું છે. સફાઈ કામગીરી માટે પણ ૭ ટીમો કામે લગાડવામાં આવી છે. આ ઉપરાંત વાઈબ્રન્ટ દરમિયાન મુખ્ય માર્ગો આસપાસની ખાલી જગ્યામાં રંગબેરંગી ફૂલો ખીલે તે માટે બોગનવેલ તેમજ કરેણના રોપાઓનું વાવેતર પણ શરૂ કરી દેવાયું છે.

# દહેગામની પાંચ પ્રા. શાળાના અપગ્રેડેશનની જવાબદારી સ્વીકારતા ડૉ. સ્વરૂપ સંપટ

## માર્ચ-૨૦૧૭ સુધીમાં આ શાળાઓને મોડેલ સ્કૂલ તરીકે અપગ્રેડ કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૦

દહેગામ તાલુકાના પાંચ ગામની પ્રાથમિક શાળાઓને માર્ચ-૨૦૧૭ સુધીમાં મોડેલ સ્કૂલ તરીકે વિકસાવવાનું બિડુ જાણીતી અભિનેત્રી ડૉ. સ્વરૂપ સંપટે ઉઠાવ્યું છે.

ગઈકાલે ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિક્ટર મેકવાન સાથે પ્રાથમિક શાળાઓની ગુણવત્તા સુધારણાને લઈ ચર્ચાઓને અંતે તેમણે આજે દહેગામ તાલુકાની પ્હાડભાઈની મુવાડી, લક્ષ્મીપુરા, લવાડ, બદલપુરા અને નાંદોલ પ્રા. શાળાની મુલાકાત લઈ આ શાળાઓમાં ગુણવત્તાસભર શિક્ષણ સહિતના મુદાઓ સાથે તેમણે શાળાઓના અપગ્રેડેશન માટેનો નિર્ણય કર્યો છે.

આ પાંચેય પ્રા. શાળાના શિક્ષકો, સ્કૂલ મેનેજમેન્ટ કમિટીના સભ્યો અને વિદ્યાર્થીઓ સાથે બેઠકો કરી તેમણે આ મહત્વનો નિર્ણય લીધો છે.

આ પાંચેય શાળાઓની જુદી જુદી બેઠકમાં ૫૨ જેટલા પ્રશ્નો રજુ થયા હતા. તેમણે આ બધા પ્રશ્નોના ઉકેલ માટે તંત્ર સકારાત્મક વલણ દાખવશે તેવી હૈયાધારણા આપી હતી.

ડૉ. સંપટના નિકટવર્તી વર્તુળોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે રજુ થયેલા પ્રશ્નોમાં ભૌતિક સુવિધાઓને લઈ વધુ રજુઆતો કરાઈ હતી. લવાડમાં પ્રા. શાળાના વર્ગખંડોની ઘટ અને કોમ્પ્યુટરો જુના હોવાના, જુના વર્ગખંડોમાં બાળકોને બેસવાની પડતી તકલીફો સહિતના મુદ્દાઓનો સમાવેશ થાય છે.

ડૉ. સંપટ સાથે આ સ્કૂલોની મુલાકાતમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી મેકવાન, જિલ્લા પ્રા. શિક્ષણાધિકારી શ્રી નટવરસિંહ રાઠોડ, તાલુકા પ્રા. શિ. અ. તેમજ શિક્ષણના અધિકારીઓ જોડાયા હતા.

હવે ડૉ. સંપટ આ સ્કૂલોના શિક્ષકોને ગુણવત્તાસભર શિક્ષણ અંગે વિશેષ તાલિમ આપશે. તો બાળકોને પણ જીવનલક્ષી શિક્ષણ પ્રાપ્ત થાય તે પ્રકારના શિક્ષણ પર વિશેષ ભાર આપશે.

ડૉ. સંપટે સાંસદ પરેશ રાવલના મત વિસ્તારની આ સ્કૂલોના અપગ્રેડેશનની જવાબદારી સ્વીકારી છે.



(તસવીર : દિપક જાની)

સંસ્કૃત સંધ્યા - રાજ્યના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ દ્વારા ગઈકાલે રાજભવનમાં ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીના સાંનિધ્યમાં 'સંસ્કૃત સંધ્યા' સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વિવિધ કલાકારો દ્વારા રજૂ કરાયેલા શાસ્ત્રીય ગીત-સંગીત તથા નૃત્યોની રાજ્યપાલશ્રીએ મુક્ત કંઠે પ્રશંસા કરી હતી.

# પી.આઈ.યુ.ની નબળી કામગીરીને લઈ દર્દીઓ સિવિલમાં રામભરોસે

## નવા સંકુલમાં ટાઈલ્સો ઉખડી જવા પામી

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર સિવિલ હોસ્પિટલનું નવા સંકુલ સતત વિવાદોમાં ઘેરાયેલું રહેવા પામ્યું છે. આજે આ નવા સંકુલમાં જ્યાં વોર્ડ કાર્યરત કરવામાં આવ્યા છે ત્યાં ટાઈલ્સો ઉખડી જતા સત્તાવાળાઓ ચોંકી ઉઠ્યા છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના નવ માળના નવા સંકુલનું નિર્માણ કાર્ય પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટશન યુનિટ દ્વારા કરવામાં આવ્યું છે. પણ જે નબળી કામગીરી છે તેને લઈ હવે દર્દીઓમાં ભય ઉભો થયો છે કે એક દિવસ હોસ્પિટલ તેના ભારથી જ દબાઈ તો નહિ જાય ને ?

મેડિકલ કાઉન્સિલની ટીમનું ઈન્સ્પેક્શન ચાલુ હતુ ત્યારે ઉપરના માળે ટાંકી તુટી પડી હતી. આ પછી સિફ્ટમાં ફસાઈ જવાની ઘટનાઓ પણ સામે આવી હતી. ઈન્સ્પેક્શન પૂર્ણ થયું ત્યારે પાણીની અને ગટરની પાઈપલાઈનોમાં લિકેજીસ મળ્યા હતા.

એક તરફ સ્વચ્છતાનો આગ્રહ સૌના માટે કરાય છે પણ સિવિલ સંકુલમાં પડેલી ડેબીંજને દૂર કરાઈ નથી. આ નવા સંકુલમાં કોમ્યુનિકેશન

● અનુસંધાન પાન-૭ પર

# હપ્તા રેકેટની કૂપન તૈયાર કરનાર ઝેરોક્ષ સેન્ટરના માલીકનું ઈન્ટ્રોગેશન

## ટોકન કૂપનની પ્રથા અમલી કરનાર માસ્ટર માઈન્ડ વ્યક્તિઓ તથા હપ્તા સિસ્ટમના મુળીયા શોધવા એસીબીએ પાંચ દિવસના રિમાન્ડ માંગ્યા

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર એ.સી.બી.એ ડીકોય ગોઠવીને પોલીસ દ્વારા હાઈવે પર ઓવરલોડેડ વાહનોને એન્ટ્રીની પરમીશન માટે આપવામાં આવતી ટોકન કૂપન સાથે બે પોલીસ કર્મચારીઓને પકડી પાડી હપ્તા રેકેટનો પર્દાફાશ કર્યો હતો. આ ટોકન કુપન હપ્તા રેકેટના મુળીયા શોધવા માટે એસીબીએ પાંચ દિવસના રિમાન્ડની માંગણી કરી હોવાનું તપાસનીશ અધિકારી પરમારે જણાવ્યું છે.

ટોકન કુપન જે ઝેરોક્ષ સેન્ટરમાંથી બનાવવામાં આવી હતી

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : કશ્યપ નિમાવત)

યુદ્ધના ધોરણે સફાઈ - વાયબ્રન્ટ સમિટનો દિવસ જેમ જેમ નજીક આવતો જાય છે તેમ ગાંધીનગરને સજાવવાની અને સ્વચ્છ બનાવવાની કામગીરી યુદ્ધના ધોરણે ચાલે છે... ગાંધીનગરના મુખ્ય માર્ગોની આસપાસ ઉગેલા ઘાસને હટાવવા માટે સંખ્યાબંધ મજૂરોને કામે લગાડાયા છે... માર્ગો પરના વૃક્ષોનું ટ્રીમીંગ થાય છે, તો સેન્ટ્રલ વર્જ પર રંગરોગાન કરી સુશોભિત કરાય છે... ગાંધીનગરના મુખ્યમાર્ગો અને અમદાવાદને જોડતા માર્ગોની આસપાસની ગંદકી હટાવવા માટે કાર્યયોજના ઘડાઈ છે અને ૧૫મી ડિસેમ્બર સુધીમાં તમામ કામગીરી પૂર્ણ કરવાનો લક્ષ્યાંક તંત્રને અપાયો છે...



(તસવીર : કશ્યપ નિમાવત)

વાતાવરણમાં પલ્ટો - શિયાળાના પ્રારંભમાં ઠંડીનો ચમકારો અનુભવાય છે... શિયાળો જામતો જાય છે ત્યારે વાદળછાયા વાતાવરણથી ઠંડીમાં રૂકાવટ આવી... વાદળાના કારણે વાતાવરણમાં સુસ્તી અનુભવાય છે... વાતાવરણ પલ્ટાની સીધી અસર રવિપાક પર પડે એવી શક્યતા હવામાનશાસ્ત્રીઓ વ્યક્ત કરી રહ્યા છે...

# ઢોંગી-ધુતારાઓના લીધે સાધુઓ પ્રત્યે સમાજનો વિશ્વાસ તૂટ્યો : વૈરાગ્યનંદજી

## ધર્મની સાચી સમજ અને એકતા મજબૂત બનાવવા ૧૩ થી ૧૫ ડિસેમ્બર રામકથા મેદાનમાં સંત પ્રવચન

ગાંધીનગર, તા. ૧૦

આજના યુગમાં મીડીયાએ કૃષ્ણનો રોલ અદા કરવાની જરૂર છે. સાધુઓમાંથી સમાજનો વિશ્વાસ તુટતો જાય છે. ઢોંગી-ધુતારાઓના લીધે ધર્મનું ખંડન થાય છે. ગૌ હત્યા અટકાવવા વૃદ્ધ ગાયોને વેચવાનુ બંધ થવુ જોઈએ. ગૌ હત્યા માટે ભારતનો હિન્દુ સમાજ દોષી છે. તેમ આજે સ્વામી વૈરાગ્યનંદગિરી મહારાજે જણાવ્યુંહતું. તેમણે જણાવ્યું હતું કે આજે પણ હિન્દુ સમાજમાં ભિન્ન ભિન્ન ધર્મ અસ્તિત્વમાં છે. ત્યારે કેવળ એક સનાતન ધર્મ રૂપે અને સમાજમાં એકતાની ભાવના મજબૂત થાય તેવા આશયથી આગામી તા. ૧૩ થી ૧૫ ડિસેમ્બર દરમિયાન સે. ૧૨ રામકથા મેદાન ખાતે વિશદ શક્તિ વેદાંત યોગ સંઘ પ્રવચન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગરમાં પ્રથમવાર યોજાનારા સંત પ્રવચનના કાર્યક્રમ અંગે નિરંજન અખાડાના સંત સ્વામી વૈરાગ્યાનંદગિરીજીએ માહિતી આપતા જણાવ્યું હતું કે આજના યુગમાં દૂષણોને ડામવા મીડીયાએ કૃષ્ણનો રોલ અદા કરવો જોઈએ. ગૌ હત્યાનો દોષી ભારતનો હિન્દુ સમાજ છે. ગાયો વેચાતી બંધ થાય તો ચાર હજાર કતલખાના પણ બંધ થઈ જશે. ઢોંગી-ધુતારાઓના લીધે બાવાઓ અને સાધુમાંથી સમાજનો વિશ્વાસ તુટ્યો છે. ગુજરાતની ભૂમિ પર મનમુખી સાધુઓને સમાજની સાથે વિશ્વાસ પ્રાપ્ત કર્યો છે. આવા સંજોગોમાં સમાજમાં ધર્મની સાચી સમજ કેળવાય તે માટે આ ત્રિદિવસીય સંત પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ અન્વયે સાધ્વી ઋતુંભરાજી સહીત ૨૧ જેટલા સંતો પ્રવચન આપશે. આ સંત પ્રવચનના કાર્યક્રમને સફળ બનાવવા પ્રતાપભાઈ ઠક્કર, હરેશ રાઠોડ, દિપેશ શુક્લ, પ્રજ્ઞેશ જોષી તેમજ અશોક પટેલ સહીતની ટીમ જહેમત ઉઠાવી રહી છે.

# ઉદ્યોગભવન સંકુલમાં કચરાના ઢગ ખડકાયા : સફાઈના નામે મીંડુ





ગાંધીનગર, તા. ૧૦

સ્વચ્છ ભારતના અભિયાન અન્વયે શહેરના સેક્ટરોમાંથી ગંદકી ઉલેચવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. પરંતુ આરંભે અને ઉપદેશ માટે સુરા સરકારી તંત્રની કચેરીઓના આંગણે જ ઉકરડા ખડકાયા છે. તોતિંગ ઉદ્યોગભવન સંકુલમાં પણ અસહ્ય ગંદકી ખદબદી રહી છે. વાઈબ્રન્ટ ગુજરાતના ઓવારણા લેવા મથતા ઈન્ડેક્સ-બી ની કચેરીના બ્લોક નજીક જ કચરાના ઢગ ખડકાયા છે.

સ્વચ્છ ભારતના અભિયાન દરમિયાન નગરને ગંદકીમુક્ત કરવાનું અભિયાન હજુ પૂર્ણરૂપે સાકાર થયું નથી. જ્યારે આગામી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષીને શહેરને સ્વચ્છ, સુંદર અને રળિયામણું બનાવવા અભિયાન હાથ ધરાયું છે. પરંતુ સ્વચ્છતાના મામલે આમ નાગરિકોને જાગૃત કરવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. ત્યારે સરકારી કચેરીઓના આંગણે જ કચરાના ઢગ ખડકાયા છે. સ્વચ્છતાના મુદ્દે થતી વાતોથી તદન વિપરિત દ્રશ્યો જોવા મળી રહ્યા છે. ઉદ્યોગભવન સંકુલમાં પણ ઠેર ઠેર ગંદકી જોવા મળી રહી છે. કચરો એકત્રિત કરવા મુકાયેલા કન્ટેઈનરો પાસે જ ગંદકી ખદબદી રહી છે. આપણું ઉદ્યોગભવન સ્વચ્છ ઉદ્યોગભવનના સોહામણા સ્લોગન દર્શાવતી કચરાપેટીની પાસે જ મોટો ઉકરડો અસ્તિત્વમાં આવ્યો છે. સંકુલમાં સફાઈ કામગીરીના નામે મીંડુ ચિતરાયું છે.

## બેસણું



મારા ધર્મપત્ની **શ્રીમતી સાધનાબેન પંકજભાઈ સોની** (ગાંધીનગર) તા. ૮/૧૨/૧૪ના રોજ સ્વર્ગવાસ થયો છે. **સદ્‌ગતનું બેસણું તા. ૧૧/૧૨/૧૪ને ગુરૂવારે સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ કલાકે** રાખેલ છે.

**સ્થળ : પ્લોટ નં. ૧૬૪૧/૧, સેક્ટર-૨ડી, ગાંધીનગર.**

**લિ. પંકજભાઈ બાબુભાઈ સોની (પતિ)**

અનુભાઈ બાબુભાઈ સોની (દિયર) — તેજસ પંકજભાઈ સોની (પુત્ર)

## બેસણું



અમારા પ.પૂજ્ય **પિતાશ્રી પરમાર વસંતલાલ અમથારામ (બાળ સાહિત્યકાર)** ગામ : વાસન મહાદેવ તા. ૫-૧૨-૨૦૧૪, શુક્રવારના રોજ દેવલોક પામ્યા છે. **સદ્‌ગતનું બેસણું તા. ૧૧-૧૨-૨૦૧૪ને ગુરૂવારના રોજ સવારે ૮ થી ૧૨ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : બ્લોક નં.૩૧૨, ગાયત્રી સોસાયટી, અંબાજી માતાનો ચોક, સેક્ટર-૨૭, ગાંધીનગર**

મહેન્દ્રભાઈ વસંતલાલ પરમાર (પુત્ર) — અશોકકુમાર વસંતલાલ પરમાર (બકાભાઈ) (પુત્ર)

રાજેન્દ્રભાઈ વસંતલાલ પરમાર (પુત્ર) — આશિષ, પલ્કેશ, વિરાટ, વિરાગ, પૃથ્વીલ (પૌત્રો)


ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૦૫૭૧


# ટાઉનહોલના રીનોવેશનનો પ્રોજેક્ટ અટવાયો : નકશો પણ તૈયાર નથી

## રીનોવેશનની કાર્યયોજના લાંબા સમયથી કાગળ પર : ટાઉન પ્લાનીંગ કક્ષાએથી નકશો તૈયાર થયો નથી

ગાંધીનગર, તા. ૯

ટાઉનહોલના રીનોવેશનનો પ્રોજેક્ટ હજુ કાગળ ઉપર પણ આખરી થયો નથી. ૧૪ વર્ષ પૂર્વે ટાઉનહોલનું નવીનીકરણ કરવામાં આવ્યું હતું, જ્યારે દોઢ દાયકાના અંતે ટાઉનહોલ તદન કંગાળ હાલતમાં છે. એ.સી. પ્લાન્ટ, સ્ટેજ તેમજ હોલની બેઠક વ્યવસ્થા પણ શ્રોતાઓ માટે દુવિધારૂપ બની છે. ટાઉનહોલના રીનોવેશનને અનુલક્ષી તંત્ર દ્વારા તૈયાર કરાયેલી કાર્યયોજના સંદર્ભે ટાઉનપ્લાનીંગ કક્ષાએથી નકશો પણ હજી તૈયાર થયો નથી. જેના લીધે ટાઉનહોલના રીનોવેશનનો પ્રોજેક્ટ હજુ આગળ વધી શક્યો નથી.

સે. ૧૭ સ્થિત નગરના એક માત્ર ટાઉનહોલની હાલત દિનપ્રતિદિન બદતર બનતી જાય છે. વર્ષ ૨૦૦૧ દરમિયાન ટાઉનહોલનું નવીનીકરણ કરવામાં આવ્યું હતું, પરંતુ આ દરમિયાન પણ ટાઉનહોલની બેઠક વ્યવસ્થામાં કોઈ સુધાર ન આવતા સાંકડી જગ્યામાં સિનિયર સીટીઝન્સ માટે બેસવુ

● અનુસંધાન પાન-૭ પર

આથી હું હિમાની આનંદ તે શ્રી પવન આનંદની સુપુત્રી જણાવું છું કે મારી જન્મ તારીખ ૧૫ એપ્રિલ ૧૯૯૭ છે. અને મારૂં બર્થ સર્ટીફીકેટ ખોવાઈ ગયેલ છે. જે મળતું નથી, જો કોઈને મળે તો મોબાઈલ નં ૯૪૦૮૭ ૦૫૬૮૦ પર અથવા મારા ઘરનાં સરનામે ૨૪૧/૩-૪, સેક્ટર-૧૭, ગાંધીનગર - ૩૮૨૦૧૬ (ગુજરાત) ખાતે જાણ કરવા વિનંતી.


ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

SANGHI CEMENT · KisaN · ashirvad C. PVC, UPVC · BENELAVE BATH FITTINGS · DR.FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com